# પ્રાંતિજમાં પોતાના સુહાગને દારૂના દૂષણથી બચાવવા મહિલાઓ રણચંડી બની

## પ્રાંતિજના પોગલુથી દલપુરમાં ખુલ્લેઆમ ધૂમ દેશી વિદેશી દારૂનુ વેચાણ : ટેબલ નીચેની આવકને લીધે પોલીસના આંખ આડા કાન

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજના પોગલુથી દલપુર સુધીના ગ્રામ્ય વિસ્તારમાં દેશી અને વિદેશી બ્રાન્ડેડ દારૂ જગજાહેર વેચાતા આ પંથકની મહિલાઓ સમસમી ઉઠી છે. અને સ્ત્રીનું અસલી ચંડીકારૂપ ધારણ કરી દારૂ વેચનારા બુટલેગરોને પાઠ ભણાવવા મુડ બનાવી બેઠી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ પોગલુથી દલપુર સુધીના ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લેઆમ બુટલેગરો દેશી અને વિદેશી દારૂનું ધૂમ વેચાણ કરી રહ્યા છે. વહેલી સવારથી અડધી રાત સુધી આ વિસ્તારમાં દારૂની જાહેરમાં આપ-લે થાય છે. પોલીસ તંત્ર હપ્તાની લ્હાયમાં બધુ જ ચલાવે છે. પણ બરબાદ થતી સ્ત્રીઓના સૌભાગ્ય કે બાળકોના ભવિષ્યની ચિંતા કરવાવાળુ કોઈ નથી તો સામાજિક સંસ્થાઓ અને સમાજના અગ્રણીઓ તમામ ચૂપચાપ બેસીને દારૂનો ધંધો કરતા અસામાજિક તત્વોને ગમે તે રીતે પ્રોત્સાહિત પુરૂ પાડી રહ્યા છે. પરિણામે દારૂની બદી વધી રહી છે. રોજના અસંખ્ય દારૂના કેસ નોંધાય છે. પરંતુ માત્ર પોલીસના હાથમાં ફોલ્ડરીયા જ આવે છે અને દારૂનો વેપાર કરતા મોટા બુટલેગરો પોલીસના હાથમાં આવતા જ નથી આથી પોલીસની કામગીરી સામે પણ અનેક પ્રશ્નાર્થ ઉભા થઈ રહ્યા છે. ઠેર-ઠેર ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લેઆમ વેચાતા દારૂ સામે આ વિસ્તારની મહિલા ભારે ત્રાહિમામ પોકારી ઉઠી છે. અને પોતાના બાળકોના ભવિષ્યનુ શુ થશે તેની ચિંતામાં બેચેન બનેલી મહિલાઓએ સ્ત્રીનું અસલ ચંડીકારૂપ ધારણ કરી દારૂ વેચનારથી માંડી તેની રખેવાળી કરતા તમામને પાઠ ભણાવવા મુડ બનાવી દીધો છે અને પોલીસતંત્ર આ સંદર્ભે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરી વધતી જતી દારૂની બદીને અટકાવે તેવી માંગ કરી રહી છે. અન્યથા આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

# ડીસાના જેનાલમાં પ્રેમી-પ્રેમીકાની હત્યા મામલામાં 'સીટ'ની રચના

ડીસા, તા. ૮

ડીસા તાલુકાના જેનાલ અને દેવસરી ગામની સીમમાં ગત તારીખ ૨૧-૮-૨૦૧૩નાં રોજ રેલવે ટ્રેકની બાજુમાંની ઝાડીમાંથી યુવક અને યુવતીની હત્યા કરી ફેંકી દેવાયેલ મૃતદેહ મળતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. જે બાબતે મૃતકના ભાઈની ફરિયાદના આધારે આગથળા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. મૃતકો બંને પરિણીત હતા અને તેમના હત્યા પાછળ પોલીસની પ્રાથમિક તપાસમાં પ્રમ પ્રકરણ કારણભૂત હોવાનું પોલીસે જણાવ્યું હતું. જો કે આ રહસ્યમય ડબલ મર્ડર કેસને આઠ માસનો સમય વીતી ગયેલ હોવા છતાં આ ગુનાનો ભેદ ઉકેલાયો ન હતો. જે બાદની રજુઆતો અંતે આ સમગ્ર મામલાની તપાસ તાજેતરમાં જ જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવની સૂચનાએ ડી.વાય.એસ.પી. સહીત બે પી.આઈ.ની એક તપાસ ટુકડી 'સીટ'ની રચના કરવામાં આવેલ છે જેનાથી આ હત્યાનો ભેદ ઉકેલાશે એવો મૃતકોના પરિવારે આશાવાદ સેવેલ છે.

આ ચકચારી 'ડબલ મર્ડર' ઘટનાની પોલીસ દફતરે નોંધાયેલી વિગતો જોઈએ તો ડીસા નજીકના જેનાલ ગામની સીમમાં ગત એકવીસમી જૂન-૨૦૧૩ના રોજ એક ડબલ મર્ડરનો બનાવ બન્યો હતો, જેમાં રેલવે ટ્રેકની પાસે ઝાડ સાથે લટકેલ હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો હતો. જ્યારે પોલીસે આજુબાજુ તપાસ કરતા ૧૦૦ મીટરના અંતરે બાજુની ઝાડીમાંથી યુવતીનો પણ મૃતદેહ મળી આવી હતી. જે બાબતે પોલીસે ઓળખ કરતાં યુવક પરબતભાઈ ઉકાભાઈ રબારી (રહે. જેનાલ, તા. ડીસા) અને યુવતી ગીતાબેન જયંતિભાઈ પુરોહીત (રહે. દેવસરી, તા. ડીસા) હોવાનું માલુમ પડ્યું હતું. આમ બબ્બે મૃતદેહોની માહિતી મળતાં ડીસા ડી.વાય.એસ.પી. એચ.આર. દેસાઈ, સી.પી.આઈ. બી.એલ. પાટીલ, એલ.સી.બી. પી.આઈ. જી.આર. રબારી વગેરે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બંને મૃતદેહોનું પંચનામુ કરી પી.એમ. અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આ યુવક-યુવતીની ગુનાહિત કાવતરાએ યોજનાપૂર્વકની હત્યા કરાઈ હોવાનું ખુલ્યું હતું અને પોલીસે આ પ્લાન્ટેશન 'ડબલ મર્ડર' નો ભેદ ઉકેલવા ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જો કે આઠ માસની રજળપાટ બાદ પણ આ ગુનાનો ભેદ વણ ઉકેલ્યો રહ્યો હતો, આ હત્યા કોને કરી, શા માટે કરી, એવો શું અપરાધ હતો આ યુવક-યુવતીનો કે તેમને હત્યા પહેલા નિર્દયતાપૂર્વક માર મરાયો હતો, તે તમામ બાબતો સાથે આ ગુનો અન ડિટેક બનતા બન્ને મૃતકોના પરિવારજનોએ ઉચ્ચ અધિકારીગણ સુધી આ કેસના હત્યારાઓને ઝડપી પાડવા રજૂઆત કરી હતી. જે રજૂઆત આધારે તાજેતરમાં બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવે આ ચકચારી કેસમાં તપાસ હેતુ એક 'સીટ'ની રચના કરી હતી અને 'સીટ'ના વડા તરીકે દિયોદર ડી.વાય.એસ.પી. માંડલિકની અધ્યક્ષતાએ લોકલ ક્રાઈમ બ્યુરો પોલીસ ઈન્સ્પેક્ટર એ.એચ. ચૌધરી તેમજ ડીસા તાલુકા પી.આઈ. આર.એમ. ભદોરિયાની નિમણુક કરેલ છે. જેનાથી આ ચકચારી કેસનો હવે ભેદ ઉકેલવા 'સીટ'ના સભ્યોએ તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે.

# રાજપુર માર્ગ પર મહાકાય ઉકરડો : ગવાડી માર્ગ પર ખુલ્લામાં ફેંકાતો કતલખાનાનો વેસ્ટ

## રજૂઆતો કરીને રહીશો કંટાળ્યા હવે ભગવાન ભરોસે

ડીસા, તા. ૮

ડીસા શહેરના ત્રણ બત્તીથી રાજપુર તરફ જતા માર્ગમાં આવતો વ્હોળાનો વિસ્તાર છેલ્લા ઘણા વર્ષોથી મહાકાય ઉકરડામાં ફેરવાઈ ગયો છે. અહી ધમધમતા કતલખાનાનો તમામ વેસ્ટ, ભંગારના વેપારીઓ દ્વારા તોડાતા ફ્રીજનો કચરો અને શહેરના દક્ષિણ ભાગનો કચરો નગરપાલિકાવાળા આ વિસ્તારમાં ઠાલવીને રવાના થઈ જાય છે. વિકસી રહેલા ડીસા શહેરમાં આ મહાકાય ઉકરડો નજીકમાં રહેતા ગરીબ વિસ્તારોના આરોગ્યને ખતમ કરી રહ્યો છે. આ બાબતે વારંવાર રજૂઆતો થઈ હોવા છતાં ડીસા નગરપાલિકાના સત્તાધીશો નથી આ મહાકાય ઉકરડાને દૂર કરતા કે નથી કચરો નાખનારાઓ સામે કાર્યવાહી કરતા.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા શહેરમાં સફાઈના નામે દર વર્ષે લાખો રૂપિયાની ગ્રાન્ટનો ધુમાડો થઈ રહ્યો છે ત્યારે બીજી તરફ છેલ્લા ઘણા વર્ષોથી રાજપુર અને ગવાડી તરફ જતા માર્ગમાં આવતા વ્હોળા વિસ્તારમાં આડેધડ કચરો ફેંકવાનું શરૂ કરાતા આ જગ્યા મહાકાય ઉકરડામાં ફેરવાઈ ગઈ છે. ઘાજપુરના માર્ગ તરફ શહેરના દક્ષિણ વિભાગનો કચરો નગરપાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા ફેંકવામાં આવે છે. જ્યારે અપ્પર ગવાડી તરફ જવાના માર્ગ પર કતલખાનાઓમાંથી મરઘીઓના પીંછા તેમજ અન્ય વેસ્ટ ફેંકાતા સમગ્ર વિસ્તાર ગંધાઈ ઉઠ્યો છે. રાજપુર તરફના માર્ગ પર પણ મોટા પાયે કચરો ઠલવાય છે. જેને આગ ચાપવામાં આવતી હોવાથી આ વિસ્તારમાં રોજે રોજ ધુમાડાના ગોટા અને આગની જ્વાળાના દશ્યો જોવા મળે છે. ગંદકીથી રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે. આ બાબતે નગરપાલિકાને રજુઆતો પણ કરાઈ છે પરંતુ વિકાસના નામે બણગા ભુંકતા સત્તાધીશોને ગંદકી દૂર કરવાનો સમય જ ન હોય તેવુ લાગી રહ્યું છે.

### આસપાસના વિસ્તારમાં ભેદી રોગ કાયમી મહેમાન

વ્હોળાની ગંદકીમાં ઝેરી મચ્છરોનો ભારે ઉપદ્રવ જોવા મળે છે. તેમજ મટનના વેસ્ટની દુર્ગંધ વચ્ચે અહી નિકળવું ભારે પડી રહ્યુ છે. નગરપાલિકાવાળા ક્યારેક પશુઓના શબો પણ અહી ફેંકી દે છે આવી પરિસ્થિતિ વચ્ચે આસપાસમાં રહેતા રહીશોમાં વિવિધ પ્રકારના રોગ જોવા મળી રહ્યા છે. ચોમાસા દરમ્યાન અહીં જીવલેણ રોગે હાહાકાર મચાવી દીધો હતો. જેમાં એક લોધા સમાજની બાળકીનું મોત પણ નિપજ્યું હતું.

### નજીકના વિસ્તારમાં રહેવા તૈયાર નથી

વ્હોળા વિસ્તારમાં જ્યાં ગંદકીનું સામ્રાજ્ય છવાયેલુ છે તેની આસપાસ લોધા સમાજ, લઘુમતિકોમ અને દેવીપૂજક સહીત કોમના લોકો રહે છે. પરંતુ તેઓ ગંદકીથી એટલા બધા ત્રાસી ગયા છે કે કેટલાક લોકોએ ઘર ખાલી કરીને બીજે સ્થળાંતર કરવાનું ચાલુ કર્યુ છે. ત્યારે ખાલી ઘરોમાં કોઈ નજીવા ભાડે પણ રહેવા તૈયાર નથી.

### આગ લગાડવાથી વિજલાઈન બળીને ખાખ

કચરાના ઢગલાઓમાં આડેધડ આગ લગાડી દેવામાં આવે છે. જેના કારણે અહીથી પસાર થતી સ્ટ્રીટલાઈટની વિજલાઈન બળીને



ખાખ થઈ ગઈ છે. જેના કારણે અહી મહીનાઓથી અંધારપટ છવાયેલો છે. આ બાબતે અનેક વાર નગરપાલિકામાં રજુઆતો કરાઈ હોવા છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરાઈ નથી. ત્યારે નગરપાલિકાના સત્તાધીશો શા માટે આ બાબતે બેધ્યાન બની રહ્યા છે તે રહીશોને સમજાતુ નથી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મા ખાતે દરજી સમાજનો સમુહ લગ્ન મહોત્સવ યોજાયો

વડાલી વાઘેલ દરજી સમાજ દ્વારા ગુરુવારના રોડ ખેડબ્રહ્મા ખાતે સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમુહ લગ્નમાં ૧૯ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વચન આપ્યા હતા. આ પ્રસંગે દાતાઓ તરફથી દાન તથા કન્યાદાનની સરવાણી વહાવવામાં આવી હતી. દાતાઓ તરફથી દરેક કન્યાને પાનેતર, ચાંદીની મૂતિઓ, મા માટલુ સહીત ૨૦ જેટલી ચીજ વસ્તુઓ કન્યાદાનમાં આપવામાં આવી હતી. આ પ્રસંગે જમનાબેન ડાહ્યાલાલ કોદરલાલ દરજી ગુંદેલ તરફથી ભોજન માટે દાતા હતા. આ પ્રસંગે ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા સેનેટરી ઈન્સ્પેકટર નરેન્દ્રસિંહ દ્વારા લગ્ન નોંધણી સ્થળ ઉપર જ કરવામાં આવી હતી. આ પ્રસંગને સફળ બનાવવા માટે સમાજના પ્રમુખ, મંત્રી તથા સમુહ લગ્ન સમિતિના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ભિલોડા તાલુકાના ટોરડા ગામમાં તસ્કરો ત્રાટકયા

## દુકાનના તાળા તોડી ૧૨,૦૦૦ની માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન

ભિલોડા, તા.૮

અરવલ્લી જીલ્લા ભિલોડા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શ્રી ગોપાળાનંદ સ્વામીની જન્મભુમી ટોરડા ધામમાં તસ્કરો ત્રાટકયા હતા. એક તરફ લગ્નસરાની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે. શ્રી ગાયત્રી લેડીઝ ટેલર્સ નામની દુકાનના તાળા તોડી તસ્કરોએ પ્રવેશ કરી રૂા.૧૨,૦૦૦/- કિંમતની સાડીઓની ચોરી કરી અજાણ્યા ત્રસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ ટોરડા ગામમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. ટોરડા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે આવેલ હાર્દસમા વિસ્તારમાં આવેલ દુકાનના તાળા તોડી તસ્કરોએ અંદર પ્રવેશ કરી શ્રી ગાયત્રી લેડીઝ ટેલર્સ, રાકેશભાઈ મારીવાડની દુકાનમાં ગ્રાહકોની ફોલ બિડીંગ માટે આવેલ ૧૦૦ સાડીઓ અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સાડીઓની કુલ કિંમત રૂા.૧૨,૦૦૦/-હોવાનું જાણવા મળેલ છે. ટોરડા ગામમાં એક દુકાનમાં તાળા તોડી અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન થઈ જતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના મઠ ગામના રાકેશભાઈ ડાહ્યાભાઈ મારીવાડએ ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારા-ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ભિલોડા તાલુકાના ટોરડા ગામના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ટોરડા ગામના એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે આવેલ હાર્દસમા વિસ્તારમાં દુકાન ધરાવતા રાકેશભાઈ ડાહ્યાભાઈ મારીવાડની દુકાનના તાળા તોડી અજાણ્યા તસ્કરો ચોરી કરી પલાયન થઈ જતાં ગ્રામ્યવિસ્તારમાં દુકાનો ધરાવતા નાના-મોટા વેપારીઓમાં ભારે સોપો પડી ગયો છે.

## ખલીકપુર ગ્રામ પંચાયતના તલાટીનો વિદાય સમારંભ યોજાયો

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાની ખલીકપુર ગ્રૃપ ગ્રામ પંચાયતમાંથી તલાટી કમ મંત્રી પંચાયત ખાતામાં ૩૪ વર્ષની સરાહનીય સેવા આપી વય મર્યાદાને લઈ તા. ૩૦-૪-૧૪ના રોજ વય નિવૃત્ત થયેલ તલાટી કમ મંત્રી દોલતસિંહ એચ. ખાંટનો સન્માન સમારોહ તાજેતરમાં માલપુર તાલુકાના જાલમખાંટના મુવાડા ગામે યોજાયો હતો. આ પ્રસંગે સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે બાયડ માલપુર ઉત્સાહી ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે નવરચિત અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ તથા વિરપુર તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ સાલમસિંહ એલ. પરમાર, રીટાયર્ડ ડી.વાય.એસ.પી. કે.બી. ખાંટ, ડી.વાય.એસ.પી. એફ.એસ. ખાંટ, મોડાસા તાલુકા યુવા કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ ખાંટ સહીત આજુબાજુ ગામોના સરપંચો તલાટી કમ મંત્રીઓ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તલાટી કમ મંત્રીની પ્રશંસનીય કામગીરીને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી. આભારવિધિ આચાર્ય અભેસિંહ એચ. ખાંટે કરી હતી.

# ડીસામાં ગરમીનો પારો ૪૧ ડીગ્રી : ગરમીથી નાગરિકો બન્યા બેહાલ

ડીસા, તા.૮

ડીસામાં છેલ્લા બે દિવસથી ફરી ગરમીનો પારો ઉંચકાયો છે અને બુધવારે ગરમીનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચી જતા ડીસાવાસીઓએ આકાશમાંથી અગનગોળા વસી રહ્યાં હોય તેવો અહેસાસ કર્યો હતો. આ ઉપરાંત રાજયના વિવિધ શહેરોના મહત્તમ તાપમાનમાં એકથી ત્રણ ડીગ્રી જેટલો વધારો નોંધાયો હતો.

બનાસકાંઠાના ડીસા સહીત રાજયભરમાં સોમવારે મોટા ભાગના શહેરના મહત્તમ તાપમાન ૩૮ થી ૪૦ ડીગ્રીની આસપાસ રહેતા લોકોએ કાળઝાળ ગરમીનો અહેસાસ કર્યો હતો ત્યારે ઉનાળામાં રાજયમાં ગરમીમાં પ્રથમક્રમે રહેતા ડીસામાં પણ ગરમી યથાવત રહેતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. બીજી તરફ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે ઉત્તર પશ્ચિમી પવન ફુંકાવાને કારણે અને અપર એર સાયકલોનીન સીસ્ટમ યથાવત રહેતા ગરમી વધશે અને આગામી દિવસોમાં કેટલાક શહેરમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચે તેવી શકયતા છે. ત્યારે હવામાન વિભાગનાં અધિકારી મહેન્દ્રએ ડીસાની યથાવત ગરમીનાં કારણોમાં જણાવેલ કે બનાસકાંઠા જિલ્લો અને ડીસાની નજીક કચ્છનું રણ આવેલું છે જયારે નજીકમાં રાજસ્થાનનું રણ પણ આવેલું છે. જેથી આ વિસ્તારમાં ભેજનું પ્રમાણ ઓછું હોય છે જે હજુ ૧૫ દિવસ સુધી ઉત્તરો ઉત્તર વધી શકે છે માટે ડીસા ગરમીની ઋતુમાં વધુ ગરમ રહે છે.

જેમાં આજે બપોરે ૨.૩૦ વાગ્યા આસપાસ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ પહોંચી જતા લોકોએ અસહ્ય ગરમીનો સામનો કરવો પડયો હતો. ગરમીને કારણે માર્ગો પર વાહનોની અવર જવર ઘટી હોય તેવું સ્પષ્ટ જણાઈ આવતું હતું અને રાહદારી તેમજ વાહનચાલકો મોઢા પર રૂમાલ બાંધી ગરમી અને લુથી બચવા હવાતિયા મારતા જોવા મળ્યા હતા અને ગરમીથી રાહત માટે શેરડી કોલાનાં રસ પીતા જોવા મળ્યા હતા. જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૩ ડિગ્રીની ઉપર પહોંચી જતા રાત્રે પણ હવે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. મે મહિનામાં જ આટલી ગરમી પડી રહી છે તો આગામી દિવસોમાં શું હાલત થશે? તે પ્રશ્ન લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. ત્યારે ડીસામાં બપોરના સમયે ગરમીનો પારો વધુ ઉંચકાતા રસ્તા અને ગલિયો સુમસામ બની હતી અને લોકો ગરમીથી બચવા ઘરમાં જ પુરાઈ રહ્યા હતા.



(તસવીર : ધનેશ પરમાર)

## તલોદની ટ્રિનીટી સ્કુલમાં સમર કેમ્પ યોજાયો

તલોદ, તા.૮

તલોદની ટ્રિનીટી સ્કૂલ ખાતે તાજેતરમાં શાળાના વિદ્યાર્થીઓ માટે સાત દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમર કેમ્પમાં વિદ્યાર્થીઓના સમયનો સદુપયોગ થાય અને વિદ્યાર્થીઓ અભ્યાસ ઉપરાંતની પ્રવૃત્તિઓમાં કુશળતા પ્રાપ્ત કરે તે માટે ચેસ, સ્પોકન ઈંગ્લીશ, કર્સીવ રાઈટીંગ, વેસ્ટમાંથી બેસ્ટ, ગ્લાસ પેઈન્ટીંગ અને લાઈન ડ્રોઈંગ જેવા વિષયો નિષ્ણાંત વ્યકિતઓ દ્વારા શીખવવામાં આવ્યા હતા જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમર કેમ્પની પૂર્ણાહુતી સમયે નિવૃત્તિ આચાર્ય આર.એલ. પટેલ, આચાર્ય કિરીટભાઈ પટેલ, અલ્પેશભાઈ પટેલ, રમેશચંદ્ર પરમાર, અનિલ મિસ્ત્રી, ભૂપતસિંહ ઝાલા, ફાલ્ગુનીબેન સેજપાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં ભાગ લેનાર શાળાના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

# ઉનાવા ખાતેથી પસાર થતી એસ.ટી.ની કેટલીક બસો બાયપાસ નીકળી જતા મુસાફરો પરેશાન

ઊંઝા, તા. ૮

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ખાતેથી પસાર થતી એસ.ટી. નિગમની કેટલીક એસ.ટી. બસો ગામના બસસ્ટેન્ડ પર ન આવીને બાયપાસ રોડ પરથી બારોબાર નીકળી જતી હોઈ મુસાફરો ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

ઊંઝા તાલુકામાં સૌથી વધુ વસ્તી ધરાવતા ઉનાવા ગામે મીરાંદાતારની સુપ્રસિદ્ધ દરગાહ આવેલ છે. જેથી અત્રે દેશભરમાંથી વિવિધ ધર્મના લોકોની દર્શનાર્થે અવરજવર થતી હોય છે. આ ઉપરાંત સ્થાનિક મુસાફરો, નોકરીયાતો, ધંધાર્થીઓ, વિદ્યાર્થીઓ, મજૂરીયાતવર્ગના માણસોની પણ રોજીંદા એસ.ટી. બસોમાં મુસાફરી થાય છે.

ઉનાવા ખાતેથી પસાર થતી એસ.ટી. નિગમની તમામ બસોને ગામના બસ સ્ટેન્ડથી મુસાફરો લેવા તેમજ ઉતારવા માટે મધ્યસ્થ કચેરી દ્વારા આદેશ થયેલ છે. તેમ છતાં કેટલાક ડ્રાયવર કંડકટરો આ આદેશની અવગણના કરીનો મનસ્વીપણે બાયપાસ હાઈવેથી બારોબાર નીકળી જાય છે. પરિણામે મુસાફરોને હાલાકી ભોગવવી પડે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્વ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન